ફો.કે.નં.–            /૨૦

## –:આંક–૧ ચાર્જશીટ લગત હુકમ:–

૧. એપીપી શ્રી ની અરજી અને તેના સંદર્ભમાં જણાવેલ જિલ્લા કલેકટરશ્રીનો આદેશ ઘ્યાને લીઘો. હાલના કેસનું રેકર્ડ જોતા પુરતા પ્રયત્નો કરવા છતા આરોપીને પ્રોસેસની બજવણી થઈ શકેલ નથી અને આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સુનિશ્રિત કરી શકાઈ નથી. આમ પ્રસ્તુત કેસ ઘણો જુનો છે. જેથી હવે ઈન્સાફી કાર્યવાહી આગળ વઘારવા ઘણીજ મુશકેલ જણાતી હોય અને આવા ડેડવુડ કેસોનો ભરાવાના કારણે ઈફેકટીવ ફોજદારી કેસની ઈન્સાફી કાર્યવાહીમાં પણ પુરતું ઘ્યાન આપી શકાય તેવા શુભઆશય સાથે આ કેસની ઈન્સાફી કાર્યવાહી બંઘ કરવી વ્યાજબી અને ન્યાયોચિત જણાય છે. આ સંજોગોમાં ન્યાયના હિતમાં ક્રિમીનલ પ્રોસીઝરની કોડની કલમ–૩૨૧ અન્વયે આ ફોજદારી કેસ પરત ખેચવા આસીસ્ટન્ટ પબલીક પ્રોસીકયુટરને પરવાનગી આપવામાં આવે છે અને આ કેસમાં પુરાવો નોઘાયેલ ન હોય આરોપીને બિનતહોમત મુકત કરવા આદેશ કરવામાં આવે છે.

૨. વઘુમાં ભવિષ્યમાં આરોપીને ફરીયાદપક્ષ રજૂ કરે અથવા આરોપી સામેથી હાજર થાય તો સદરહું કેસની કાર્યવાહી ક્રિ.પ્રો.કોડની કલમ–૩૦૦(૫) મુજબ શરૂ કરવાના ફરીયાદ પક્ષના હકકને આ હુકમથી બાઘ રહેશે નહી.

– મુદામાલ લીકરનો અપીલ સમય વિત્યે નાશ કરવો અને તે સિવાયનો મુદામાલ વાહન અને મોબાઈલ માલિકની ખરાઈ કરી પરત કરવો અને જો અગાઉ કોઈ વચગાળાનો હુકમ થયેલ હોય તો તેને કાયમ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

– જો રોકડ મુદામાલ હોયતો તે શ્રી સરકાર જમા કરવા.

– કેસ રજીસ્ટરે હુકમની નોંઘ કરવી.

હુકમ આજરોજ તા.૨૨મી જૂન સને ૨૦૨૪ ના રોજ સ્પે.સીટીંગ લોકઅદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા.૨૨/૦૬/૨૦૨૪ | (કમલેશકુમાર આર. ગાગનાણી) |
| સ્થળ . સુરત | ૧૨માં જયુડી.મેજી.ફ.ક.,સુરત |
| | જી.જે.૦૧૬૮૭ |